ગાંધીનગર સમાચાર

રાંધણ છઠ્ઠ માટે દુર્લભ કંકોડા રસોઈના રાજા

## @ગાંધીનગર

● સ્વસ્તિક સોસાયટી સે-૨૭, ગાંધીનગરના ઉપક્રમે 'સ્નેહમિલન ચોક' ખાતે રાત્રે ૮ થી ૯.૩૦ કલાક દરમિયાન શ્રી હરેક્રિશ્ન-હરે રામ, ઈસ્કોન મંદિર, ભગવત ગીતા પ્રચારક મંડળના સત્સંગીશ્રીઓ સર્વશ્રી મોરલી મોહનદાસજી, શ્રી સંતરામાદાસજી તથા શ્રી નારદમુનિજી દ્વારા ભજન-સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર, એસએમવીએસ, સે-૬ ખાતે પવિત્ર શ્રાવણમાસ કથા દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન તા. ૨૬-૮-૨૦૧૬ સુધી યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સે-૨૩ ખાતે રાતના ૯ થી ૧૦ કલાક દરમિયાન શ્રી જગદીશભાઈ જોષી બ્લોક નં. ૧૬૦/૧૦બી-૧ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કરશનભાઈ પટેલ-૭-વિનાયક પાર્ક સોસાયટી અતિથી હોટલ પાછળ-દહેગામ ખાતે સવારે ૮ કલાકે ગણેશ પૂજા અને ગણપતી હોમા તથા સાંજે છ કલાકે રૂદ્રપૂજા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા શ્રી પ્રફુલભાઈ દવે, પ્લોટ નં. ૧૮૭/૧, સે-૬-બી ભુવનેશ્વર મહાદેવ, સે-૬ ખાતે સવારે લઘુરૂદ્ર યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી રમેશચંદ્ર આર. દવે ૫૨/૧, સે-૩-એ ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી શિવકથા તથા શ્રી દ્વાદશ જયોતિર્લિંગ મહિમાનું પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં આયોજન.

# સે-૨૪માં અસામાજીક તત્વો બેફામ

**આ તત્વોને દુકાન બહાર દારૂ પીવાની ના પાડો તો પણ ધોકા પડે છે : આ તત્વોની દાદાગીરી સામે લાચાર થઈ ગયેલા વેપારીઓમાં ફફડાટ : પોલીસ કાંઈક ચમત્કાર કરે તેવી આશા**

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨૪ના શોપીંગ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક તત્વો બેફામ બન્યા છે. પોલીસનો તેને કોઈ ડર જ ન હોય તેમ ગમે ત્યારે ગાડીઓમાં ધોકા લઈને ફરે છે અને મનફાવે તેમ વર્તે છે. આ તત્વોના ત્રાસથી કંટાળી વેપારી જો કાંઈ બોલે તો તેને પણ રંજાડવાનું બાકી મુકતા નથી. પોતાની દુકાનની બહાર આ તત્વો દારૂ પીવા રાત્રે બેસે અને દુકાનની છાપ બગડશે તેવું સમજી આ તત્વોને અહીં દારૂ પીવાની પણ ના પાડે તો તે વેપારીને પણ ધોકા પડયા હોવાના દાખલા છે. હવે વપારીઓ પણ લાચાર થઈને પોલીસ કાંઈક ચમત્કારીક પગલા લે તેવી માંગણી કરી રહ્યા છે.

ગાંધીનગર પોલીસે તાજેતરમાં વાહન ચોરો તથા મોબાઈલ ચોરો પકડવામાં સારી મહેનત કરીને ડીટેકશન કર્યા છે પરંતુ કેટલાક ક્ષેત્રોમાં પોલીસ નબળી પુરવાર થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. મર્ડરના ડીટેકશનની વાતનો તો આમાં સમાવેશ થાય જ છે તે ઉપરાંત શાળા કોલેજો તથા ટયુશન કલાસીસ બહાર રોમિયોગીરી માટે બેસી રહેતા યુવાન શખ્સો અને કેટલાક ચોકકસ સેકટરોમાં લુખ્ખાગીરી કરવા અડીંગો જમાવીને બેસતા તત્વો સામે લાલ આંખ કરવામાં પોલીસ નબળી સાબિત થઈ રહી છે. હજુ પણ ટયુશન કલાસીસ તથા શાળા-કોલેજો બહાર વિદ્યાર્થીનીઓની છેડતી અને મશ્કરીઓ કરવા કેટલાક તતવો મોંઘા બાઈકો અને ગાડીઓ લઈને બેસી રહેતા જોવા મળે છે. તે ઉપરાંત ચોકકસ સે-૨૪માં અસામાજીક તત્વો ત્રાસ વર્તાવી રહ્યા હોવાની વેપારીઓમાં ફરિયાદ છે. એક ચોકકસ જુથ સે-૨૪ના શોપીંગ વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કરી રહ્યું છે. તેને નિયંત્રણમાં નહીં લેવાય તો કદાચ સ્થિતિ બેકાબુ બની જશે તે વાતમાં કોઈ બે મત નથી...! થોડા દિવસો પહેલા જ વેપારીની દુકાન બહાર એક ટોળકી દારૂની પાર્ટી કરવા બેઠી હતી. ત્યારે ગ્રાહકોમાં માઠી અસર પડશે તેવું માનીને વેપારીએ આ ટોળકીને અહીં દારૂ પીવાની ના પાડી હતી. બસ...આટલી વાતમાં તો ધોકા મારીને વેપારીના હાડકા ભાંગી નાંખવામાં આવ્યા હતા. હવે આ ટોળકીને કોઈ વેપારી કાંઈ જ કહેવાની હિંમત કરતું નથી.. કોણ ધોકા ખાય..! જેમ કરતાં હોય તેમ કરવા દો...! આવી માનસિકતા વેપારીઓના મગજમાં ઘર કરી રહી છે. આ તત્વોની દાદાગીરી સામે લાચાર થઈ ગયેલા નિર્દોષ વેપારીઓ ફફડી રહ્યા છે અને પોલીસ કંઈક કરે તેમ મનોમન ઈચ્છી રહ્યા છે...! હવે જોઈએ કે પોલીસને બંદોબસ્તમાંથી ફુરસત કયારે મળે છે...!

## ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા વડીલોના સન્માન





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરીજન સંસ્થા, સેકટર-૭-ડી તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળના સંયુકત ઉપક્રમે તેજસ્વી તારલાઓ અને વયસ્ક વડીલોનો સન્માન સમારોહ તાજેતરમાં ચૌધરી શાળાના હોલમાં યોજાયો હતો. જેમાં ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સે-૭-ડીના વડીલોને શાલ ઓઢાડી સન્માનવામાં આવ્યા હતા. જયારે ૩૫ વિદ્યાર્થીઓને સન્માનપત્ર અને અભ્યાસકીય કીટ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સેકટરના નાગરિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીના સંયુકત ઉપક્રમે ગત રવિવારના રોજ ચૌધરી શાળાના હોલ ખાતે તેજસ્વી તારલાઓને તેમજ વયસ્ક વડીલોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે સ્વ. પૂ. પ્રમુખ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ અર્પી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ જયંતભાઈ ભટ્ટ દ્વારા વાર્ષિક હિસાબો રજુ કરાયા હતા. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. જયારે સે-૭-ડીના ૩૫ વિદ્યાર્થીઓને સન્માનપત્ર, રોકડ પારિતોષિક, નોટપુક-પેન, ચોકલેટ અને આઈસ્ક્રીમ દ્વારા બહુમાન અમરનાથભાઈ ભટ્ટ, પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર પાર્વતીબેન પરમાર, વિક્રાંતભાઈ, જયંતભાઈ, ભૂપતભાઈ ભૂતડીયા, સુમંતભાઈના હસ્તે કરાયું હતું. સે-૭-ડીના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર જયોત્સનાબેન પુજારા, હર્ષદભાઈ આચાર્ય, વિજયભાઈ મેવાડા અને સુરેશચંદ્ર પંડયાનું સન્માન શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી આમંત્રિત મહેમાનોએ કર્યુ હતું. આ પ્રસંગે મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કાન્તિભાઈ પટેલ, પ્રિતિબેન ભટ્ટ, સંજય ભટ્ટ, અનિલભાઈ જાની, ચંદ્રવદન મોદીએ ભારે જહેમત ઉઠાવી હતી.

## રાજયકક્ષાની સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ

**રાજીન્દરસીંગ આનંદને ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર તથા દીલપ્રિત કૌરને ૧ ગોલ્ડ અને ૩ સિલ્વર સાથે ગાંધીનગરે કુલ ૭ મેડલ પ્રાપ્ત કર્યા**

ગાંધીનગર, તા.૨૨

અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્વિમિંગ પુલ ખાતે યોજાયેલ ૫૮મી ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૬માં ગાંધીનગરના તરવૈયાઓએ ખૂબ જ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ૭ મેડલ પ્રાપ્ત કર્યા છે. ગાંધીનગરના રાજીન્દરસીંગ આનંદે બે ગોલ્ડ અને એક સિલ્વર તથા દીલપ્રિત કૌરે ૧ ગોલ્ડ અને ૩ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યુ છે.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ એસોસિએશનના તરવૈયાઓએ ૫૮મી ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપમાં શહેરના નામનો ડંકો વગાડી દીધો છે. રાજીન્દરસીંગ આનંદે ૧૦૦ મીટર બેક સ્ટ્રોક તથા ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં ગોલ્ડ અને ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. જયારે દીલપ્રિતકૌરે ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ,



૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર બટરફલાયમાં સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. બંને સવીમર્સને તેમના પ્રસંશનીય પ્રદર્શન સાથે વિજેતા થવા બદલ ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વિમીંગ એસોસિએશન દ્વારા અભિનંદન સાથે ભવિષ્યની સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## વાતવાતમાં

● મંગળવારે ગાંધીનગરમાં યોજાનાર કોંગ્રેસની મહારેલી અંગે ચિંતિત પોલીસ તંત્રની સોમવારે સાંજે સે-૭ પોલીસ સ્ટેશનમાં સમીક્ષા યોજાઈ હતી. આ સમીક્ષા માટે આઈજી અને એસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

● ધરોઈ ડેમ ખાતેથી દસ દરવાજા ખુલ્લા કરી પ્રતિ સેંકડે ૫૫ હજાર કયુસેક પાણી સાબરમતીમાં છોડવામાં આવ્યું હતું. ગાંધીનગર ખાતે આ પાણી રાત્રે ૯ વાગ્યાની આસપાસ આવી પહોંચતા અનેક નાગરિકો તેને જોવા માટે લેકાવાડા પુલ પર પહોંચ્યા હતા.

● ગાંધીનગરની સે-૩-બીની એક આધેડ મહિલા અમદવાદ ખાતે એક બેસણામાં હાજરી આપી સંબંધીઓ સાથે પરત ફરી રહ્યા હતા ત્યારે ગીતા મંદિર એસટી ડેપો ખાતે ભીડનો લાભ ઉઠાવી એક ગઠિયાએ તેમના ગળામાંથી સોનાનો દોરો કટરથી કાપી ખેંચવા પ્રયાસ કર્યો હતો. જો કે આ મહિલાની સમયસૂચકતાને કારણે ગઠિયો તેના પ્રયાસમાં સફળ ના થતા તુરંત નાસી છુટયો હતો.

● સે-૪-એ ખાતે રેઈનબો પ્રિ પ્રાયમરી સ્કૂલમાં સોમવારે જન્માષ્ટમી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બાળકોએ અવનવી વેશભૂષા તેમજ રંગબેરંગી પરિધાનોમાં સજ્જ થઈ રાસ ગરબા, નૃત્ય તથા મટકી ફોડનો આનંદ માણ્યો હતો.

● શહેરમાં નાગપંચમીનું પર્વ ભાવપૂર્વક ઉજવાયું હતું તથા અનેક ઠેકાણે નાગપંચમીની કથા-વાર્તા તેમજ પાટોત્સવ જેવા કાર્યક્રમો યોજાયા હતા. ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતે લોકમેળો યોજાયો હતો જેમાં આસપાસના ગામોના ગ્રામજનો ઉમટી પડયા હતાં.

## નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધન અને સ્વતંત્રતા દિનની ઉજવણી




સિનિયર સિટીઝન મહિલા પાંખ દ્વારા અને ગાયત્રી પરિવાર દ્વારા રક્ષાબંધન અને ૧૫મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે નારી સંરક્ષણ ગૃહ સે-૧૨ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાની આશ્રિત બહેનો દ્વારા સુંદર ગીતો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સીનીયર સીટીઝન કાઉન્સિલની મહિલા પાંખના કન્વીનર શ્રી આશાબેન દોશી તરફથી દરેક બહેનોને ટુવાલ, નાસ્તાનું પેકેટ જયારે ગાયત્રી પરિવાર તરફથી જશુબેન ઠકકરે ગાયત્રી ચાલીસાની ચોપડી અને સાબુ આપ્યા હતા અને જલારામ મહિલા મંડળના શ્રી વિદ્યાબેન તન્ના તરફથી પાર્લેજી બિસ્કીટના પેકેટ આશ્રિત બહેનોને આપવામાં આવ્યા હતાં. સંસ્થાના ચેરમેનશ્રી શર્મિષ્ઠાબેન દવેએ હાજર રહી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સિનીયર સીટીઝનના કાઉન્સિલ ગાયત્રી પરિવારની બહેનો તથા જલારામ મહિલા મંડળની બહેનો અને શ્રી મંદાબેન ધોળકીયા હાજર રહ્યા હતા.

## વનશ્રી ટ્રસ્ટ અને નિરમા યુનિવર્સિટી દ્વારા મેગા ટ્રીપ્લાન્ટેશન

ગાંધીનગર, તા.૨૨

વનશ્રી ટ્રસ્ટ અને નીરમા યુનિવર્સિટી દ્વારા મેગા ટ્રી પ્લાન્ટેશન ગોદરેજ ગ્રીનસીટીમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને વસાહતીઓ દ્વારા ૨૦૦થી પણ વધારે વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગરમાળો, લિમડો, કણજી, ઉંમરો અને ગુલમહોરના વૃક્ષો રોપવામાં આવ્યા હતા છેલ્લા ચાર વર્ષથી નીરમા દ્વારા પ્લાન્ટેશન ડ્રાઈવ વનશ્રી ટ્રસ્ટ સાથે કરવામાં આવે છે.



સંજીવ આચાર્ય, શીતલ બુટાની દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગ્રીન એમ્બેસેડર અંજના નીમાવતે વૃક્ષનું મહત્વ, ઉપયોગ અને તેના અંગે જાણકારી આપી હતી. મીત પ્રજાપતિ અને વનશ્રી ટ્રસ્ટના ઉત્કર્ષ ગુપ્તા દ્વારા સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું. યુથ હોસ્ટેલના ચૈતન્ય નિમાવત દ્વારા 'ગો ગ્રીન બાય હાર્ટ' સુત્ર આપીને વૃક્ષ ઉછેરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## સેકટર-૨-સીમાં ઘરફોડીયા ઘુસ્યા

શહેરના સેકટર-૨-સી ખાતે એક બંધ મકાનમાં ઘરફોડીયા ત્રાટકયા હતા. ડેપ્યુટી એન્જીનીયર બંકેશભાઈ નાનુભાઈ પટેલના સે-૨-સી પ્લોટ નં. ૯૮૨/૧ ખાતેના બંધ મકાનને ઘરફોડીયાઓએ ટાર્ગેટ બનાવ્યું હતું. ૧૩ ઓગષ્ટથી આજે ૨૨ ઓગષ્ટ દરમિયાન આ મકાન બંધ હતું. આ સમયગાળામાં તેમના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડીને અંદરથી રૂ. ૪૦ હજારની કિંમતનું થ્રીડી એલઈડી ટીવીની ઊઠાંતરી કરી ઘરફોડીયા પલાયન થઈ ગયા હતા. આ મામલે બંકેશભાઈ પટેલે સે-૭ પોલીસને ફરિયાદ આપતા પીએસઆઈ વી.એલ. બોડાણાએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## સે-૨૨માં રખડતા ઢોરથી વસાહતીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના વોર્ડ નં. ઉના રહીશો રખડતા ઢોર અને કુતરાઓથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. માર્ગ વચ્ચે અચાનક આવી પડતી ગાય અને પાછળ પડતા કુતરાઓથી નાના મોટા અકસ્માતો સર્જાય છે. આ અકસ્માતમાં વાહનચાલકોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચે છે. વોર્ડ નં. ઉના રહીશોએ રખડતા પશુઓ અંગે મનપાના મેયરને લેખિત રજુઆત કરી સમસ્યાના ઝડપી નિવારણ અંગે માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા પશુઓનો ત્રાસ વધતા નગરજનો મુશ્કેલીમાં મુકાયા છે. તંત્રના અધિકારી પણ દબાણ, રખડતા પશુ તેમજ સફાઈના પ્રશ્ને માથું ખંજવાળતા નજરે પડે છે. શહેરમાં ચકાચક માર્ગો પર ગમે ત્યારે માર્ગ વચાળે આવી પડતા પશુઓથી દ્વીચક્રી વાહન પરની જીંદગી જોખમાઈ છે. ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા જઈ રહ્યું છે ત્યારે પ્રજાના પ્રાણ પ્રશ્નોનો નિવેડો આવતો નથી ત્યારે વોર્ડ નં. ઉના રહીશો અનેક મુશ્કેલીઓથી પીડાઈ રહ્યા છે. સે-૨૨, ઘ-૬ રહેણાંક વિસ્તારમાં અસંખ્ય કુતરા રાત્રીના સમયે ભસતા નાગરિકોની રાત્રી ઉંઘ હરામ થઈ જવા પામી છે. રહેણાંક વિસ્તારના માર્ગો બિસ્માર હાલતમાં છે. ઢોર તેમજ કુતરાઓની સાથે સાથે છેલ્લા ઘણા સમયથી કપીરાજનો પણ ત્રાસ આ વિસ્તારમાં વધી જવાથી નાગરિકોને ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવે છે. નાગરિકો ઘરની બહાર નીકળતા પણ વિચાર કરે તેવી પરિસ્થિતિ ઉદભવી છે. આ તમામ પ્રશ્નોના નિરાકરણ માટે સે-૨૨ વોર્ડ નં. ઉના રહીશોએ મનપાના મેયરને લેખિત રજુઆત કરી આ તમામ સમસ્યાઓનો સત્વરે ઉકેલ લાવવા જણાવ્યું છે.

# રાંધણ છઠ્ઠ માટે દુર્લભ કંકોડા રસોઈના રાજા

**ડુંગરાળ વિસ્તારના કંકોડા અત્યંત સ્વાદિષ્ટ, હાલ ખેતરમાં કંકોડાના વેલાના માંડવા રોપાય છે, ફકત ચોમાસા પૂરતાં જ ઉપલબ્ધ બની રહેતા દુર્લભ કંકોડા**

ગાંધીનગર, તા.૨૨

પવિત્ર માસ એવા શ્રાવણમાં અનેક વિવિધ તહેવારો આવે છે. જેમાં ઘરડા કહેતા હતા તેવા પરબલાંની શરૂઆત બોળચોથથી થઈ છે. જેમાં સળંગ બોળચોથ, નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ અને જન્માષ્ટમી જેવા તહેવારો સામેલ છે. વળી શિતળા સાતમે ઠંડુ ભોજન જમવાની પરંપરા હોવાથી રાંધણ છઠ્ઠના દિવસે સાતમનું તમામ ભોજન બનાવી દેવાય છે. જેમાં કંકોડા એ રાંધણ છઠ્ઠની રસોઈનો રાજા કહેવાય છે. અતિ દુર્લભ અને સ્વાદિષ્ટ કંકોડા સૌથી મોંઘા ભાવે બજારમાં વેચાણ થઈ રહ્યા છે. જો કે ફકત ચોમાસા પૂરતા જ કંકોડા ઉપલબ્ધ રહેતા હોવાથી તેની માંગ પણ સૌથી વધારે છે.

ભોળાનાથ મહાદેવની પૂજા અર્ચનામાં વ્યસ્ત શ્રધ્ધાળુઓ શ્રાવણ માસના પવિત્ર તહેવારોની ઉજવણી પણ પરંપરા અનુસાર કરતા જ રહે છે. બોળચોથ પછી નાગપંચમી અને ત્યારબાદ રાંધણ છઠ્ઠ. છઠ્ઠની તિથિએ ગૃહિણીઓ શીતળા સાતના દિવસે ઠંડુ ખાવા માટેની વ્યવસ્થામાં આખો દિવસ જોતરાઈ જાય છે. જેમાં વળી એક દિવસ ભોજનનો સ્વાદ ટકી રહે



અને બગડી ન જાય તેવી રસોઈ બનાવવાની હોય છે. જેમાં શાક માટે સૌથી પહેલી પસંદ કંકોડા બને છે. ડુંગરાળ વિસ્તારમાં આપોઆપ વેલા ઉપર ઉગતા લીલાછમ્મ કંકોડા અત્યંત સ્વાદિષ્ટ હોય છે. જેને ત્યાંના સ્થાનિક શ્રમજીવી લોકો ડુંગરાળ વિસ્તાર ફેંદીવળીને વીણી લાવે છે. ફકત ચોમાસાની ઋતુમાં જ ઉગતી આ શાકભાજીની માંગ ખુબ જ રહે છે. જે કારણે આ શાકભાજી મોંઘી પણ હોય છે.

હાલ શાકમાર્કેટમાં રૂ. ૮૦ થી રૂ. ૧૦૦ના કિલોના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જો કે ટુંકાગાળામાં વધુ કમાઈ લેવાની લાલચે કેટલાક લોકો તેના બી લાવી ખેતરમાં માંડવા ઉભા કરી વેલા ચડાવી કંકોડાની ખેતી કરતાં થઈ ગયા છે. જેમાં દવા અને અન્ય માવજતથી તેની મિઠાશ મરી પરવારતી હોય છે ફકત કુદરતી સાંનિધ્યમાં જ ઉગતી આ શાકભાજી જ ખરા અર્થમાં સ્વાદ પુરો પાડે છે. રાંધણ છઠ્ઠમાં રસોઈના રાજા ગણાતા કંકોડા જલ્દીથી બગડી ન જતાં હોવાથી તેનો વધુ ઉપયોગ થાય છે. આમ હાલ દશ્યમાન થઈ રહેલા કંકોડા એકાદ બે દિવસમાં અદશ્ય બની જશે જેનો સ્વાદ માણી લેવા લોકો હાલ તલપાપડ બન્યા છે.

## સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે શ્રીકૃષ્ણ પ્રાગટયોત્સવ ઉજવાશે

ગાંધીનગરના સે-૨૩માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સ્કુલ ખાતે આગામી તા. ૨૫મી ઓગષ્ટ ગુરુવારના દિવસે જન્માષ્ટમીના પર્વનિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટયોત્સવનુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમ સે-૨૩ ગુરુકુળ કેમ્પસમાં રાત્રે ૮.૪૫ કલાકે પ્રારંભ થશે જે શ્રીકૃષ્ણ જન્મોત્સવ સુધી ચાલશે. આ ઉત્સવમાં આ વર્ષે ભકત અને ભકતનો મહિમા, જીવનમાં નિયમિતતા, વાતચીત કરવાની કળા જેવા વિષયોને નૃત્ય તથા નાટકો દ્વારા રજૂ કરવાનો ઉત્તમ પ્રયાસ ગુરુકુળ પરિવારના બાળકો કરશે. આ કાર્યક્રમને માણવા શાળાના બાળકોના વાલી પરિવાર તથા આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. ગીરીશ મંગળભાઈ પટેલ, ઉ.વ.૩૯
- સ્વ. સ્મિતા અનિલ જોશી, ઉ.વ.૭૪
- સ્વ. દિનેશભાઈ હરગોવનદાસ મિસ્ત્રી, ઉ.વ.૫૭
- સ્વ. બબુબેન ગાંડાભાઈ રાવળ, ઉ.વ.૭૦
- સ્વ. જેઠાભાઈ બેચરભાઈ વાઘેલા, ઉ.વ.૯૧
- સ્વ. નાથુજી શીવાજી ઠાકોર, ઉ.વ.૯૦
- સ્વ. ચીમનભાઈ ઝીણાભાઈ નાયી, ઉ.વ.૭૬
- સ્વ. ચંદ્રભાગા પાંડુરાવ ચાંદલેકર, ઉ.વ.૬૫
- સ્વ. પુરુષોત્તમલાલ સેથરા, ઉ.વ.૬૫